
# ગુજરાત અને તમિલની સંસ્કૃતિઓનું અદ્‌ભૂત મિલન











ગીર સોમનાથ, તા.૧૯

સમગ્ર દેશને એક તાંતણે બાંધવાના સ્વપ્ર સાથે સરકાર દ્વારા શરુ કરવામાં આવેલા એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને સાર્થક કરતા સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અન્વયે તમિલથી સૌરાષ્ટ્રમાં સોમનાથ મહાદેવની પાવન ધરા પર પધારેલા તમિલ બંધુઓ સમક્ષ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.કાર્યક્રમના પ્રારંભે જ તમિલના કલાકારો દ્વારા તમિલના લોકગીતો નૃત્ય સાથે રજૂ કરવામાં આવ્યા હતા. જે રજૂ થતાં સ્ટેજ પર સામે રહેલા તમિલ દર્શકો ઝૂમી ઉઠયા અને દિલ ખોલીને નાચ્યા હતા. ગુજરાતી ગીત "સ્વાગતમ્ સ્વાગતમ્" પર ભરતનાટ્યમ નૃત્ય દ્વારા તમિલ બંધુઓની ગુજરાતની ગરિમામયી અને દિવ્ય ધરા પર અદકેરો આવકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ તમિલના લોકપરંપરાગત વાદ્યો દ્વારા 'તપટ્ટમ્ ' સંગીત નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાતની લોક પરંપરાને ઉજાગર કરતા ટિપ્પણી નૃત્યને ઉપસ્થિતોએ માણ્યો હતો. તમિલના કલાકારો દ્વારા ઢોલ, ઢોલકી, ડફલી, મંજીરા વગેરે વાદ્યો સાથે રજૂ થયેલા પેરિયામેલમ્ પરફોર્મન્સએ કાર્યક્રમમાં અનોખી આભા ઊભી કરી હતી. આ ઉપરાંત સૌરાષ્ટ્રની શાન સમા મેર જાતિનો રાસ, તમિલના કલાકારો દ્વારા સ્ટ્રીટ પપેટ (કઠપૂતળી) શો અને સૌરાષ્ટ્ર તમિલ સંગમ થીમ સોંગ પર તમામ કલાકારો દ્વારા પરફોર્મન્સ આપવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમમાં તમિલ અને ગુજરાતની સાંસ્કૃતિકના સંગમ બની ગયેલા આ સાંસ્કૃતિક કાર્યક્રમને સૌએ ખૂબ માણ્યો હતો. સોમનાથ ખાતે આયોજિત સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર તમિલ ભગિની - બંધુઓએ સૌરાષ્ટ્ર સ્થિત સોમનાથ જ્યોતિર્લિંગ ખાતે મહાદેવ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ સાથે સૌરાષ્ટ્ર તમિલ ભગિની - બંધુઓએ સોમનાથ મંદિરના પટાંગણમાં આવેલા કપર્દિ વિનાયક મંદિરમાં સામૂહિક દર્શન કર્યા હતા.

## બઢતી અને બદલી સહિત અનેક મુદ્દે માનસિક તાણ અનુભવતા અધ્યાપકો

### રાજ્યની સરકારી ઇજનેરી કોલેજોના અધ્યાપકોના દર્દનો ગ્રાઉન્ડ રિપોર્ટ : ગાંધીનગર રહેતા એલડી એન્જિનિયરિંગ કોલેજના અધ્યાપકની આત્મહત્યાને પગલે જાગેલી ચર્ચાઓ

ગાંધીનગર, તા. ૧૯

તાજેતરમાં જ ગાંધીનગર ખાતે રહેતા એક અધ્યાપકે આત્મહત્યા કરી લીધી અને તેમની સુસાઈડ નોટમાં કામના વધુ પડતાં ભારણને કારણે તેઓ આ પગલું ભરી રહ્યાં હોવાનું જણાવ્યું છે. આ ઘટનાને પગલે ઉચ્ચ શિક્ષણ જગતમાં ચકચાર મચી જવા પામી છે અને આ ઘટનાને પગલે કેટલીક બાબતો પ્રકાશમાં આવવા પામી છે તે અનુસાર રાજ્યમાં આવેલ સરકારી કોલેજોના અધ્યાપકો રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની અનેક યોજનાઓના અમલ દ્વારા તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા યુક્ત શિક્ષણ આપી રાજ્ય તેમજ રાષ્ટ્રના વિકાસમાં યોગ્ય ફાળો આપતા રહ્યાં છે. આમ છતાં રાજ્યના સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકો ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા ઉપેક્ષિત થતા હોવાની લાગણી છેલ્લા અમુક વર્ષોથી અનુભવી રહ્યા હોય તેવું લાગે છે. વળી ગુજરાત રાજ્ય સરકારી ઈજનેરી કોલેજ રાજ્યપત્રિત અધિકારી મંડળ દ્વારા અનેક વિવિધ પડતર પ્રશ્નોની રજૂઆત છેલ્લા કેટલાક વર્ષોથી મુખ્યમંત્રીથી લઈને ટેકનિકલ શિક્ષણ નિયામક સુધીના વિવિધ સરકારી સ્તરે વારંવાર કરવા છતાં પણ તેઓના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવતું નથી તેવું પણ અધ્યાપકોનું કહેવું છે.

આ સાથે અધ્યાપકોનું કહી રહ્યા છે કે સરકારના કોઈ પણ વિભાગમાં કોઈ કર્મચારી/ અધિકારી જોડાયાંના અમુક વર્ષો બાદ તેઓને ઉચ્ચતર પગાર ધોરણ અથવા બઢતી નિયમાનુસાર અને સમયસર મળી જતી હોય છે, જ્યારે રાજ્યની સરકારી ઈજનેરી કોલેજના અધ્યાપકો ઉચ્ચતર પગાર ધોરણ (કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ) માટે પાછલા આઠ-આઠ વર્ષથી લાયક હોવા છતાં ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવ્યું નથી. અનેક અધ્યાપકો તો ૧૨ વર્ષ પહેલાં જે પગાર ધોરણમાં નોકરીમાં જોડાયા હતા તેજ પગાર ધોરણમાં સેવા કરી રહ્યા છે. જેથી અધ્યાપકોને આર્થિક રીતે મોટું નુકસાન થઈ રહ્યું છે. મોંઘવારીના આ સમયમાં આર્થિક નુકસાનને લઈને અધ્યાપકો માનસિક તાણ અનુભવે એ સ્વાભાવિક છે. વર્ષ ૨૦૧૨ પછી જુજ કિસ્સાને બાદ કરતા આજ દિન સુધી બઢતીની પ્રક્રિયા ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી નથી. સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની આશરે ૫૭ ટકા જેટલી જગ્યા ખાલી છે અને તેની સામે લાયક ઉમેદવાર પણ ઉપલબ્ધ હોવા છતાં પણ વર્ષોથી બઢતી ન મળતાં આવા અધ્યાપકો માનસિક તાણ અનુભવે એ સમજી શકાય છે.

ટેકનીકલ શિક્ષણ વિભાગ સિવાય ઘણા વિભાગમાં એડહોક તરીકે બજાવેલ ફરજના સમયગાળાને સેવા સળંગ ગણવામાં આવી છે તેમજ એડહોક તરીકે બજાવેલ ફરજના સમયગાળાને સેવા સળંગ તરીકે ગણવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા અધ્યાપકોની તરફેણમાં ચુકાદો આપવા છતાં પણ તે અંગે કોઈ કાર્યવાહી ન થાય તો આવા અધ્યાપકો માનસિક તાણ અનુભવે એ અત્યંત સ્વાભાવિક બાબત છે. કેટલાય આધ્યાપકો રાજયના જુદાજુદા જિલ્લામાં આવેલ સરકારી ઈજનેરી કોલેજોમાં આઠથી દસ વર્ષ ઉપરાંતના લાંબા સમયથી ફરજ બજાવી રહ્યા છે. કેટલાક કિસ્સાને બાદ કરતા અધ્યાપકોની બદલી ની વિનંતી હોય અને સરકારશ્રી નાં નિયમાનુસાર હોવા છતાં પણ ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા બદલી કરવામાં આવતી નથી. જેની સામે ૨-૩ વર્ષ કે તેનાથી પણ ઓછો સમય થયો હોવા છતાં અમુક અધ્યાપકોની બદલી ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ પ્રકારની સરખામણીથી પણ અધ્યાપકોમાં માનસિકતાણ ઉદભવે છે. એકલા ટેકનીકલ શિક્ષણ વિભાગના ૬૦૦થી વધારે અધ્યાપકોને પોતાને થયેલ અન્યાય માટે ન્યાયની દાદ માંગવા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કેસ સુધ્ધાં કરવા માટેની ફરજ પડી છે. ઘણા કિસ્સામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા અધ્યાપકો તરફી ચુકાદો પણ આવી ગયો હોય તો જે અધ્યાપકે કોર્ટ કેસ કર્યો હોય તે અધ્યાપકને જ એનો હક આપવામાં આવે છે પંરતુ સરકારનો જ નિયમ છે કે સમાન કિસ્સામાં તમામ સરકારી કર્મચારીઓ/ અધિકારીઓને સમાન હક આપવામાં આવે. આ નિયમનું પાલન ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવતું નથી જેના પરિણામે સમાન કિસ્સા વાળા બાકીના અધ્યાપકોએ ના છૂટકે કોર્ટના દરવાજા ખખડાવવા પડે છે. આવા અધ્યાપકોની માનસિક પરીસ્થિતિનો વિચાર પણ કરવો ઘટે.

## મુસાફરોથી ભરેલી લકઝરી બસ પલટી જતાં મહિલા અને બાળકનું મોત

### અકસ્માતની આ ઘટનામાં પથી ૬ લોકોને ગંભીર ઇજા પહોંચી છે, ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે

મહેસાણા, તા.૧૯

મહેસાણામાં લક્ઝરી બસને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. મહેસાણાના નંદાસણ નજીક લક્ઝરી બસ પલટી મારી જતાં અફરાતફરીના દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે આ અકસ્માતમાં બે લોકોનાં મોત નિપજ્યાં છે, જ્યારે ૬ જેટલા લોકોને ગંભીર ઈજા પહોંચી છે. લક્ઝરી બસ સુરતથી જોધપુર જઈ રહી હતી ત્યારે નંદાસણ નજીક અકસ્માત સર્જાયો હતો. ૧૮થી ૨૦ પેસેન્જરને લઈને સુરતથી જોધપુર જઈ રહેલી લક્ઝરી બસને નડ્યો અકસ્માત. બસ પલટી મારી જતાં એક મહિલા અને એક બાળકનું મોત નિપજ્યું છે. અકસ્માતની આ ઘટનામાં પથી ૬ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને પોલીસને અકસ્માતની જાણ કરવામાં આવી હતી. બસમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યાં બાદ ત્રણ ક્રેઈનની મદદથી પલટી ગયેલી લક્ઝરીને રસ્તા પરથી દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## જામનગર હાઈવે પર કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત : ચાર લોકોના મોત

### કાર પડધરી તરફ જઇ રહી હતી. જ્યારે સામેથી ટ્રેક્ટર આવી રહ્યું હતુ, આ બંને વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો છે

રાજકોટ, તા.૧૯

જામનગર હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જામનગર હાઈવે પર પડધરી પાસે ટ્રેક્ટર અને કાર વચ્ચેના અકસ્માતમાં ચાર લોકોના મોત નીપજ્યા છે. આજે વહેલી સવારે થયેલા આ ગોઝારા અકસ્માત બાદ સ્થાનિકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. હાલ સ્થાનિક પોલીસે આ અકસ્માત અંગે વધુ તપાસ શરૂ કરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, કાર પડધરી તરફ જઈ રહી હતી. જ્યારે સામેથી ટ્રેક્ટર આવી રહ્યું હતુ. આ બંને વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો છે. હાલ મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, ચાર મૃતકોમાં ત્રણ લોકો રાજકોટના છે અને એક મૃતક અન્ય જગ્યાનો છે. જામનગર હાઈવે પર પડધરી પાસે ટ્રેક્ટર અને કાર વચ્ચેના અકસ્માતમાં ચાર લોકોના મોત નીપજ્યા છે. આજે વહેલી સવારે થયેલા આ ગોઝારા અકસ્માત બાદ સ્થાનિકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જામનગર હાઈવે પર પડધરી પાસે ટ્રેક્ટર અને કાર વચ્ચેના અકસ્માતમાં ચાર લોકોના મોત નીપજ્યા છે. જેના કારણે મૃતકોના પરિવારમાં ભારે શોકનો માહોલ છવાયો છે.

## આમને સામને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે બહાલી આપવામાં આવી છે. શહેરમાં પાણી પુરવઠા વ્યવસ્થા સઘન બનાવવામાં આવશે તેમજ નર્મદામાંથી પુરતા પ્રમાણમાં પુરવઠો મળી રહેશે એટલે પાણીના પ્રશ્નો આગામી દિવસોમાં ઉઠશે નહિ.

તેમણે જણાવ્યુ હતુ કે હાલની પાણીની સમસ્યા એ ગંભીર નથી તે બધી જ વ્યવસ્થા બે થી ત્રણ દિવસમાં બરાબર થઈ જશે તેમાં કોઈ શંકા નથી.

## નિમાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માધ્યમિક શિક્ષણ બોર્ડની બે બેઠક પર ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા અને મહેશ કસવાલાની નિયુક્તી કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી કોર્ટની બે બેઠક પર અમીત શાહ અને હર્ષદભાઈ આર. પટેલની નિયુક્તી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત યુનિ. કોર્ટની બે બેઠક પર કિરીટભાઈ કે. પટેલ અને હાર્દિક પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

## ૧૯ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી આ સેક્ટર પણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી રહ્યુ છે. સે. ૮માંથી ૭૫ વર્ષીય વૃદ્ધ અને ૬૯ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧ માંથી ૩૭ વર્ષીય મહિલા અને સે. ૨૧માંથી ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૧ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ૩ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લાના દહેગામમાં એક, ગાંધીનગરમાં ૪, કલોલ-માણસામાં ૩-૩ કેસ નોંધાયા છે. જિલ્લામાં ગાંધીનગર-કલોલ-માણસામાં કોરોનાના કેસોએ જે ગતિ પકડી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકામાં હાલીસા ગામેથી ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં ઉવારસદ ગામેથી બે કેસ તેમજ અડાલજ અને શેરથામાંથી એક-એક કેસ મળી આવેલ છે. શેરથામાં ૩૫ વર્ષીય પુરૂષ, અડાલજમાં ૨૭ વર્ષીય મહિલા, ઉવારસદમાં ૨૮ વર્ષીય યુવાન અને ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં આજે ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. બે કેસ ડિંગુચા ગામેથી મળ્યા છે. ડીંગુચામાં ૪૨ વર્ષીય ગૃહીણી, ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ડિંગુચામાં સતત કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. કલોલ તાલુકાના નારોલા ગામેથી ૩૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. બે કેસ માણસા શહેરમાંથી અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયો છે. માણસા શહેરમાં ૬૫ વર્ષીય વૃદ્ધ અને ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. લોદરા ગામેથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૮૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા સૂચનાઓ આપી છે.

## પ્રથમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તૃતીયાંશથી વધારે માટે જવાબદાર હશે. જોકે બંને એશિયાઈ દિગ્ગજોમાં વસતી વૃદ્ધિ ભારતની તુલનાએ ચીનમાં તેજ ગતિથી ધીમી રહી છે.

રિપોર્ટમાં કહેવાયું છે કે ગત વર્ષે છ દાયકામાં પહેલીવાર ચીનની વસતીમાં ઘટાડો થયો હતો.

યુએન ૧૯૫૦થી દુનિયામાં વસતી સંબંધિત આંકડા જાહેર કરે છે. ૧૯૫૦થી આ પ્રથમ વખત છે જ્યારે ભારતે વસતી મામલે ચીનને પાછળ કરી દીધું છે. યુએનના રિપોર્ટમાં જાણ થઈ કે આ ૬ દાયકામાં પહેલીવાર છે જ્યારે ચીનની વસતી ઘટી છે.

## ગરમીનો પ્રકોપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પશ્ચિમ અને દ્વીપકલ્પના પ્રદેશો સિવાય દેશના મોટાભાગના વિસ્તારોમાં એપ્રિલથી જૂન દરમિયાન ઊંચા તાપમાનની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે પટના, બાંકા, જમુઈ, નવાદા, ઔરંગાબાદ, સુપૌલ અને બિહારના અન્ય ઘણા જિલ્લાઓમાં મંગળવારથી બે દિવસ માટે 'લૂ'ની ચેતવણી સાથે 'ઓરેન્જ' એલર્ટ જારી કર્યું છે. આ ઉપરાંત વિભાગ અનુસારરાજ્યના બેગુસરાય, નાલંદા, ગયા, અરવલ, ભોજપુર, રોહતાસ, બક્સર, ખગડિયા અને મુંગેર વિસ્તારોમાં પણ 'યલો' એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ભારતીય હવામાન વિભાગ 'હવામાનની ચેતવણી' માટે ચાર રંગ કોડનો ઉપયોગ કરે છે - લીલો (કોઈ કાર્યવાહીની જરૂર નથી), પીળો (જુઓ અને સાવચેત રહો), નારંગી (તૈયાર રહો) અને લાલ (એક્શન લો).

બિહાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, 'લોકોને ગરમીથી બચવા માટે સલાહ આપવામાં આવે છે કે તેઓ બહાર ન નીકળે.' પશ્ચિમ બંગાળના બાંકુરામાં મહત્તમ તાપમાન ૪૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે રાજધાની કોલકાતામાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હરિયાણા અને પંજાબમાં હીટવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે અને બંને રાજ્યોના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ હરિયાણાના હિસારમાં તીવ્ર ગરમી પડી રહી છે અને મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

## ઠંડીમાં થીજ્યાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસથી બચવા મોટાભાગે રાતના અંધારામાં જ નીકળતા હોય છે. નવ લોકોના જે ગ્રુપને પોલીસે બચાવ્યું છે તે લોકો પણ રાત્રે જ બોર્ડર ક્રોસ કરવા નીકળ્યા હતા, તેમણે ઠંડીથી બચવા ગરમ કપડાં તો પહેર્યા હતા પરંતુ વરસાદના કારણે તે ભીના થઈ જતાં તેમની હાલત બગડી હતી. જે નવ લોકોને પોલીસે રેસ્ક્યુ કર્યા છે તેમની કોઈ ઓળખ હજુ સુધી જાહેર કરવામાં નથી આવી. ઉલ્લેખનીય છે કે, હજુ ગયા મહિને જ મહેસાણાનો ચૌધરી પરિવાર ગેરકાયદે રીતે અમેરિકા જવાના પ્રયાસમાં સેન્ટ લોરેન્સ નદીમાં ડૂબી જતાં મોતને ભેટ્યો હતો.

### સમન્સ મળ્યા બાદ યુવરાજસિંહની પ્રતિક્રિયા

## ભલે મને જેલમાં નાખી દો, હું સત્ય સાબિત કરીને બતાવીશ

### યુવરાજસિંહ જણાવે છે કે મેં એક જાગૃત નાગરિક તરીકે મારી પાસે જે પણ માહિતી હતી તે સામે ચાલીને તમને આપી છે

અમદાવાદ, તા.૧૯

બિપીન ત્રિવેદી નામના શિક્ષક અને યુવા નેતા યુવરાજસિંહ જાડેજાના નજીકના ગણાતા વ્યક્તિ દ્વારા જ તેમના પર ડમી કાંડમાં નામ છૂપાવવાની શરતે ૧ કરોડ રૂપિયા લીધાનો આક્ષેપ મૂક્યો હતો. આ મામલે બિપીનની પોલીસે પૂછપરછ કર્યા બાદ યુવરાજસિંહને પણ તેડું આવ્યું છે. યુવરાજસિંહને ભાવનગર જીંપ દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે. યુવરાજસિંહે આજે પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું છે. આ પહેલા તેમણે ટ્વિટ કરીને પોતાની વાત રજૂ કરી છે અને પોતે એક પણ રૂપિયો ના લીધાનું જણાવ્યું છે. યુવરાજે પોતાને મળે સમન્સ અંગે કટાક્ષ કરતા લખ્યું છે કે, ચાલો અધિકૃત રીતે ઘરે મામાનું તેડું આવી ગયું છે. ભાવેણાના જમાઈની સ્વાગતની તૈયારીઓ થઈ ચૂકી છે. યુવરાજસિંહે ટ્વિટ કરીને એક વીડિયો તથા પોતાને મળેલા સમન્સ શેર કર્યા છે. યુવરાજસિંહ જણાવે છે કે મેં એક જાગૃત નાગરિક તરીકે મારી પાસે જે પણ માહિતી હતી તે સામે ચાલીને તમને આપી છે. સિસ્ટમ સામે સવાલ ઉભો કરતા યુવરાજસિંહ કહે છે કે, હવે તમે જ મને આ મુદ્દામાં અંદર ઘૂસાડવા માગો છો.. હું સ્પષ્ટ પણ માનું છું કે તમે તો સરકાર છો, સત્તાધિશ છો.. દિવસને રાત અને રાતને દિવસ સાબિત કરો એવા સક્ષમ છો.. જનતા આંખ બંધ કરીને કદાચ તમારું માની પણ લેશે, તમે તમારી ટ્રોલ આર્મીને પણ પાછળ લગાડી દેશો. યુવરાજસિંહે પોલીસ સમક્ષ હાજર થતા પહેલા પોતાની વાત વીડિયોના માધ્યમથી સરકાર સામે આંગળી ચીંધીને ત્યાં સુધી કહી દીધું કે, પ્રતાડિત કરીને તમે કોઈની પાસે કંઈ પણ બોલાવી પણ લો.. પણ યાદ રાખજો કે એનાથી જે હકીકત છે એ હકીકત બદલાઈ જવાની નથી.. જે ખોટું છે એ ખોટું જ રહેવાનું છે. યુવરાજ વીડિયોમાં કહે છે કે હું તો ડંકાની ચોટ પર કહું છું કે મેં કોઈ પૈસા લીધા નથી.. આજે તમે ગમે તેવા આરોપ લગાવીને કંઈ પણ સાબિત કરો છો.. કરી શકો છો.. કદાચ મને જેલમાં પણ નાખી દો, પરંતુ હું સત્ય સાબિત કરીને બતાવીશ.. કોઈ પણ સંજોગે. યુવરાજને ઝઈંઞ કલમ ૧૬૦ મુજબ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ નવાપરા પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી ભાવનગર દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે. જેમાં તેઓને તારીખ ૧૯ એપ્રિલે બપોરે ૧૨ વાગ્યે ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી નવાપરામાં હાજર રહેવા માટે જણાવવામાં આવ્યું છે.